ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
સેકટર–૧૫, ગાંધીનગર

પત્રક્રમાંકઃજીજેટીઆઈ/યાંત્રિક/૩૧૯૭ /૨૦૧૫ તા.૨૯–૧૧–૨૦૧૫

# પરિપત્ર

**વિષયઃ વાહનોના ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા સિવાય ખાનગી વપરાશ અંગેના ભાવ નકકી કરવા બાબત.**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા,ગાંધીનગરના વાહનો જુદી જુદી તાલીમો કરવા માટે વાપરવામાં આવે છે પરંતુ જયારે આ વાહનો ફાજલ પડી રહયા હોય તે સમયે આ વાહનો સરકારશ્રીના અન્ય વિભાગો, સંસ્થાઓ તથા સરકારી/બોર્ડ કર્મચારીઓને ખાનગી વપરાશ માટે ફાળવી શકાય છે.

પેટ્રોલ/ડીઝલ/ઓઈલ, ટાયર–ટયુબ, સ્પેર–પાર્ટસ તથા મજુરી કામોમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને વાહનોના ખાનગી વપરાશના કિલોમીટરના દરોમાં વધારો કરવો જરૂરી છે. આથી હવે સરકારી/બોર્ડ કર્મચારીઓને તથા અન્ય સરકારી વિભાગો, સંસ્થાઓને નીચેના દરથી વાહનો, નીચે દર્શાવેલ શરતોને આધિન રહી ફાળવવામાં આવશે.

આ દરો પરિપત્ર થયા તારીખથી અમલમાં આવશે.

| અનં.નં. | વાહનનો પ્રકાર તથા રજીસ્ટ્રેશન નંબર | સરકાર/બોર્ડ કર્મચારીઓને વાહન વપરાશ માટે કિલોમીટર દીઠના ભાવો |
|---|---|---|
| ૧. | GJ.12G-836 ડીઝલ જીપ | રૂા.૧૭.૪૦ પ્રતિ કિલોમીટર |
| ૨. | GJ.18 T-8041 મીની બસ | રૂા.૩૪.૮૦ પ્રતિ કિલોમીટર |

(૧) વાહન વપરાશ ઓછામાં ઓછા ૩૦૦ કિલોમીટર/દિવસ ગણવાનો રહેશે.
(૨) કિલોમીટરની ગણતરી GJTI થી GJTI પરત સુધીના ગણવામાં આવશે.
(૩) ટોલ ચાર્જ/પાર્કિંગ ચાર્જ/એન્ટ્રી અને આંતરરાજય ટેક્ષ અલગથી ચૂકવવાનો રહેશે.
(૪) ડ્રાયવર એલાઉન્સ રૂા.૧૫૦/– પ્રતિદિવસ અલગથી ચૂકવવાના રહેશે.
(૫) ૫.૬૦% સર્વિસ ચાર્જ અલગથી ચૂકવવાના રહેશે. (સરકારી નિયમ મુજબ ફેરફારને પાત્ર રહેશે.)
(૬) પેસેન્જર તથા તેના માલસામાનની ચોરી/નુકશાની માટે સંસ્થાની કોઈપણ જવાબદાર રહેશે નહિં.
(૭) આકસ્મિક સંજોગોમાં વાહન ફાળવણી રદ કરી શકાશે.

ફાઈલ ઉપર નિયામકશ્રીની મંજુરી મેળવેલ છે.

સહી/-
(સી.એમ.ઠકકર)
કાર્યપાલક ઈજનેર(યાંત્રિક)

**નકલ જયભારત સાથ રવાના પ્રતિ :**
- માનનીય અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી,ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રીના અંગત મદદનીશ,ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,ગાંધીનગર.
- સંયુકત નિયામકશ્રી, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા,ગાંધીનગર.

**નકલ રવાના પ્રતિ :**
- વરીષ્ઠ તાલીમ અધિકારીશ્રી(સર્વે) તરફ જાણ સારૂ.
- તાલીમ અધિકારીશ્રી(સર્વે) તરફ જાણ સારૂ.
- સ્ટોર શાખા તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે.
- હિસાબી શાખા તરફ જાણ સારૂ.
- માસ્ટર ફાઈલ.

SECTOR-15, 'G' ROAD, GANDHINAGAR-382016 Email : gjti,gwssb@gmail.com
Tel: (079)23223941 to 47 Fax:(079) 23223243